# Ayambil Oli Day 5 - Sadhu Pad Vidhi

## પાંચમો દિવસ - સાધુ પદ

### જાપ: ૐ હ્રીં નમો સવ્વસાહૂણંની વીસ માળા

| |
|---|
| રંગ: કાળો |
| અનાજ: અડદ |
| કાઉસગ્ગ: 27 લોગસ્સ |
| ખમાસણા: 27 |
| પ્રદક્ષિણા: 27 |
| સ્વસ્તિક: 27 |




### ખમાસમણાનો દુહો

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે સું લોચે રે.
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્તલાઇ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે.

### શ્રી સાધુ પદના સત્યાવીસ ગુણ

| | | |
|---|---|---|
| 1. પ્રાણાતિપાતવિરમણયુક્તાય શ્રી સાધવે નમઃ | 10. વાયુકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ | 19. ક્ષમાગુણયુક્તાય શ્રી સાધવે નમઃ |
| 2. મૃષાવાદવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ | 11. વનસ્પતિકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ | 20. શુભભાવનાભાવકાય શ્રી સાધવે નમઃ |
| 3. અદત્તાદાનવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ | 12. ત્રસકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ | 21. પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધકા રકાય શ્રી સાધવે નમઃ |
| 4. મૈથુનવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ | 13. સ્પર્શનેન્દ્રિયનિગ્રહકારકાય શ્રી સાધવે નમઃ | 22. સંયમયોગયુક્તાય શ્રી સાધવે નમઃ |
| 5. પરિગ્રહવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ | 14. રસનેન્દ્રિયનિગ્રહકારકાય શ્રી સાધવે નમઃ | 23. મનોગુપ્તિયુક્તાય શ્રી સાધવે નમઃ |

| | | |
|---|---|---|
| 6. રાત્રિભોજનવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ | 15. ઘ્રાણેન્નીંદર્યનિગ્રહકારકાય શ્રી સાધવે નમઃ | 24. વચનગુપ્તિયુક્તાય શ્રી સાધવે નમઃ |
| 7. પૃથ્વીકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ | 16. ચક્ષુરિન્દ્રિયનિગ્રહકારકાયશ્રી સાધવે નમઃ | 25. કાયગુપ્તિયુક્તાય શ્રી સાધવે નમઃ |
| 8. અપ્કાયરક્ષકાય શ્રી સાધવે નમઃ | 17. શ્રોતેનીન્દ્રયનિગ્રહકારકાયશ્રી સાધવે નમઃ | 26. શીતાદિદ્વાવિંશતિપરિ સહસહનતત્પરાય શ્રી સાધવેનમઃ |
| 9. તેઉકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ | 18. લોભાનુગ્રહકારકાય શ્રી સાધવે નમઃ | 27. મરણાંતઉપસર્ગસહનતત્પરાય શ્રી સાધવે નમઃ |

## શ્રી સાધુ પદનું ચૈત્યવંદન

દંસણ નાણ ચરિત્ત કરી, વર શિવપદગામી;
ધર્મ શુક્લ શુચિ ચક્રસે, આદિમ ખય કામી. 1
ગુણ પ્રમત્ત અપ્રમત્તતે, ભયે અંતરજામી;
માનસ ઇંદિય દમન ભૂત, શમ દમ અભિરામી. 2
ચારુ તિ ધન ગુણ કર્યો એ, પંચમ પદ મુનિરાજ;
તત્પદપંકજ નમત હૈ, હીરધર્મ કે કાજ. 3

## શ્રી સાધુ પદનું સ્તવન

સકલ વિષય વિષ વારીને, આતમ ધ્યાને રાતા રે;
ઉપશમ રસમાં]ાળલતા, નિજ ગુણ જ્ઞાને માતા રે.
હિત ધરી મુનિપદ વંદીએ - એ આંકણી. 1
રત્નત્રયી આરાધતાં, ષટ્કાયા પ્રતિપાલે રે;
પંચિંદ્રી જીપે: સદા, જિન મારગ અજુવાલે રે. હિત. 2
ગુણ સત્તાવીશ અલંકર્યા, પંચ મહાવ્રતધારી રે;
દ્વાદશવિધ તપ આદરે, ચિદાનંદ સુખકારી રે. હિત. 3
નવવિધ બ્રહ્મચારિજ ધરે, કરમ મહા ભટ જીત્યા રે;
એહવા મુનિ ધ્યાવે સદા, તે નર જગત વિદિતા રે. હિત. 4

## શ્રી સાધુ પદનું સ્તુતિ

સમિતિ ગુપતિ કર સંજમ પાલે, દોષ બયાલીશ ટાલેજી,
ષટ્કાયા ગોકુલ રખવાલે, નવવિધ બ્રહ્મવ્રત પાલેજી;
પંચ મહાવ્રત સૂધાં પાલે, ધર્મ શુક્લ ઉજવાલે જી,
ક્ષપકશ્રેણિ કરી કર્મ ખપાવે, દમપદ ગુણ નિપજાવેજી.